Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-2, Issue-6, Continuous Issue-12, March - April 2022

# કાલિદાસનાં સાહિત્યમાં દર્શનશાસ્ત્ર અને ભારતીય દર્શન

## ભૂમિકા

ભારતીય સંસ્કૃતિનું ઉંડાણ અને તેની સુંદરતા આખાયે વિશ્વમાં પૂજનીય અને પ્રશંસનીય છે. આપણી સંસ્કૃતિની સાવ સીધી સરળ બાબતોમાં છુપાયેલી દિવ્યતાને મોટા ભાગે આપણા ભારતીય રીતરિવાજોમાં જોવા મળે છે. આપણા રીતરિવાજો વૈજ્ઞાનિક, તાર્કિક, ઐતિહાસિક, સામાજિક અથવા તો આધ્યાત્મિક પુરાવાઓથી નિ:શંક સમજાવી શકાય તેમ છે પરંતુ આ પ્રણાલીઓને તેના સાચા અર્થમાં અનુસરવાને બદલે જો ગેરસમજ કરવામાં આવે તો તેનું વહેમ અને અંધશ્રદ્ધામાં પરિવર્તન થવાનો ભય રહે છે. આમ થાય તો તેની દિવ્યતાને ઝાંખપ લાગે. ભારતની આ ભવ્ય સંસ્કૃતિનું એક અદ્વિતીય લક્ષણ છે. પોતાને નવ નિર્મિત કરી શકવાની તેની ક્ષમતા છે. માનવો અને જીવોના ગાથાઓ પુરાવા રૂપ છે. સતીપ્રથા, અસ્પૃશ્યતા જેવા કુરિવાજો આપણી સંસ્કૃતિમાંથી ક્રમશ: નાબૂદ થઈ ગયા છે. સંસ્કૃતિના જે પાયાના મૂળભૂત સિદ્ધાંતો છે તેને ખલેલ પહોંચાડયા વિના આધુનિક યંત્ર યુગ સાથે હકારાત્મક રહીને આપણી સંસ્કૃતિએ હમેશાં ઉદારમતવાદ દાખવ્યો છે. આ અનુકૂલનને કારણે જ ભારતીય સંસ્કૃતિ વિશ્વની સૌથી પ્રાચીન સભ્યતા તરીકે પૂજાઈ છે. ૨૦મી સદીમાં દર્શનશાસ્ત્રનાં વિષયમાં એક વિશેષ બાબત સામે આવી જે અંતર્ગત એ સાબિત થાય છે કે દર્શનશાસ્ત્ર દ્વિતીય શ્રેણી સ્તરનું પ્રયાસ છે.

ભારતીય દાર્શનિકો દ્વારા વિકસિત જીવન શૈલીમાં કર્મવાદ અને આત્મસયંમને અદર્શની શ્રેષ્ઠતા મળી છે. સયંમ સાથે જીવન જીવું એવો અમર સંદેશ ફક્ત ભારતીયો માટે નહીં પરંતુ સંપૂર્ણ વિશ્વ માટે ભારતીય ઋષિ મુનિઓ અને મનીષિઓ દ્વારા અપાયેલ મહત્વપૂર્ણ દેન છે. આનો અર્થ એ છે કે ભારતીય ઋષિ-મુનિઓ દ્વારા ભારતીય પરિસ્થિતી આધારે જે આદર્શ જીવન શૈલી પર ભાર મૂક્યું અને વિશ્વમાં જેનું મહત્વ અંકાયેલું છે તે સાચા અર્થમાં તેના મૂલ્યો પર નિર્ભર કરે છે જેમાં, અનેકતામાં એકતા, અધ્યાત્મિક પ્રવૃત્તિ, કર્મવાદનું નૈતિક આદર્શ અને સયંમથી ભરેલું જીવન જીવવાની શિક્ષા. ઉદારતા, સહિષ્ણુતા, સર્વસમભાવ વગેરે અસ્તિત્વ ધરાવે છે. ભારતીય દાર્શનિકો દ્વારા મોક્ષને પરંમ પુરુષાર્થ માનવમાં આવે છે, એની પ્રાપ્તિ માટે ઘોર તપસ્યા અને સયંમી જીવનની જ શિક્ષા પ્રાપ્ત થાય છે. જે આત્મસયંમની અવધારણાથી જ પ્રાપ્ત થાય છે. વર્ષો પહેલા વેદ, પુરાણ, ઉપનિષદ, ભગવદ્ગીતા, રામાયણ, મહાભારત જેવા ગ્રંથોમાં આ પણા જીવન મૂલ્યો વિખરાયેલા હતા. જે દર્શનીકો દ્વારા તાર્કિક અને બૌદ્ધિક મંથનના આધારે એનું સમર્થન કર્યું અને ચિંતન સ્વરૂપે આપણને પ્રાપ્ત થયા. અંહી કર્મવાદનાં સિદ્ધાંતને કેન્દ્રમાં રાખીને કાલિદાસની કૃતિઓને આધારે દર્શનશસ્ત્રને સમજવાનો પ્રયત્ન કર્યો છે.

## દર્શનશાસ્ત્ર અને ભારતીય દર્શન

### દર્શનશાસ્ત્ર

આપણે આ વિશ્વમાં રહીએ છીએ. આ વિશ્વ ચેતન અને અચેતન પ્રાણી અને વસ્તુઓનો બનેલો જગત છે પણ આ વાતની પુષ્ટિ કરવા માટે વિવિધ શાસ્ત્રોના અભ્યાસથી સમજી શકાય છે. જીવન શું છે? મૃત્યુ શું છે? પુન: જન્મ શું છે? શુભ શું છે? અશુભ શું છે? સાચું શું? ખોટું શું? ઉપરોક્ત બધા જ દાર્શનિક પ્રશ્નો છે. આ બધી જ બાબતો પર પ્રશ્નો કરવા, ચિંતન કરવું એના ઉત્તર માટે પ્રયત્ન કરવું. આમ, આ બધી જ વાતોના તથ્યને જાણવા માટે દર્શન શાસ્ત્ર પ્રેરકબળ સમાન છે. મનુષ્ય સુખ, સંપતિ, ધન અને

અનુભવ માટે સમાજમાં વિભિન્ન અનુભવ કરતો રહે છે. આમાંથી કેટલાક પ્રશ્નો તથ્યાત્મક છે તો કેટલાક પ્રશ્નો વ્યાવહારિક છે. દર્શનશાસ્ત્રથી જોડાયેલી વિવિધ શાખાઓ દ્વારા દર્શનશાસ્ત્રને વ્યાખ્યાયિત કરી છે.

**તર્કશાસ્ત્ર**

તર્કશાસ્ત્ર દર્શનશાસ્ત્રની એ શાખા છે જેમાં

તર્કશાસ્ત્રનું વિજ્ઞાન કહી શકાય છે. તર્કશાસ્ત્રને વિચારોનું વિજ્ઞાન કહી શકાય. અર્થાનુસાર તર્કશાસ્ત્ર એ વિચારોનું વિજ્ઞાન છે. તર્કશાસ્ત્ર એ એવા નિયમો અને સિદ્ધાંતોનું શોધ કરે છે જેનો આધાર વૈદ્ય અને અવૈદ્ય વિચારોનો ભેદ જણાવે છે.

**નીતિશાસ્ત્ર**

નીતિશાસ્ત્ર એ નૈતિક દર્શન તરીકે ઓળખાયય છે. જેમાં શુભ-અશુભ, ઉચિત-અનુચિત, પુણ્ય-પાપ પર આધાર રાખેલો છે.

**સૌંદર્યશાસ્ત્ર**

સૌંદર્યશાસ્ત્રએ  માનાંકન આધારે અંકાયેલી મૂલ્યાત્મક અવધારણા વિજ્ઞાન છે. જે કલાદર્શન સાથે જોડાયેલ છે. જેમાં સૌંદર્ય સાથે મૂળ દર્શનશાસ્ત્રને આધારે પ્રશ્નોનાં ઉત્તર આપે છે.

**તત્વમીમાંસા**

તત્વમીમાંસા દર્શનશાસ્ત્રનો આધાર છે. જેમાં વિભિન્ન સિદ્ધાંત જોડાયેલા છે જેમકે, દ્વૈતવાદ, અદ્વૈતવાદ, ભૌતિકવાદ, અધ્યાત્મવાદ, વિકાસવાદ, પ્રકૃતિવાદ વગેરે શાખાઓથી જોડાયેલી છે.

**વિધિ દર્શન**

વિધિ નો અભ્યાસ પ્રત્યક્ષ રીતે દર્શનશાસ્ત્રનો વિષય નથી પરંતુ રાજનૈતિક દર્શનનાં માધ્યમથી વિવિધ સાંપ્રત્યયોની ચર્ચા એમાં થાય છે.

રાજનીતિ દર્શન

રાજનીતિ દર્શનનો ઘનિષ્ઠ સંબંધ નીતિશાસ્ત્ર સાથે સંકળાયેલો છે. જેમાં સ્વતંત્રતા, સમાનતા, ન્યાય, સંપત્તિ, વિધિ, અધિકાર, સંપ્રભુતા, રાજનૈતિક દાયત્વ, સત્તા દ્વારા થયેલા સરા નરસા કાર્યોનું અધ્યયન કરે છે.

**સમાજ દર્શન**

સમાજ દર્શનનું ઘનિષ્ઠ સંબંધ નીતિશાસ્ત્ર સાથે સંકળાયેલી છે. તે સમાજ સંસ્થા સાથે જોડાયેલી દાર્શનિક અને બૌધિક અનુશીલન છે. સમાજ દર્શન સામાજિક અપરાધ, બાલાશ્રમ, સમ્માન માટે હત્યા, લિંગ ભેદ, અન્યાય અને અસમાનતાનાં કારણો પર વિચાર કરે છે અને સમાધાન પણ આપે છે.

**ધર્મ દર્શન**

આમાં દાર્શનિક તેમજ બૌદ્ધિક અધ્યયન કરવામાં આવે છે. અંહી તર્કબુદ્ધિનો આધાર લઈને ધર્મનું સ્વરૂપ, મૂલ્ય, સત્યનું મહત્વ વગેરે વિષયો પર વિચાર કરે છે.

**વિજ્ઞાન દર્શન**

આ વિજ્ઞાન દાર્શનિક અધ્યયન છે. અનેક અવધારણાંને સ્પષ્ટ કરવાનું પ્રયત્ન વિજ્ઞાન દર્શન કરે છે.

**મન દર્શન**

અહી મનનું અધ્યાન થાય છે. મન શું છે? મન શરીરને કેવી રીતે પ્રભાવિત કરે છે? કેવી રીતે કાર્ય કરે છે? મનનું અસ્તિત્વ શું છે? વગેરે મહત્વ પૂર્ણ વિષયો પર કાર્ય કરતી શાખા છે.

**ઇતિહાસ દર્શન**

કાર્લ માર્કસ તેમજ તેમના અનુઆયીઓએ આ વિષય પર વિશેષ અધ્યાન કર્યું છે. જેમાં ઇતિહાસ અને આર્થિક પાસાઓને વ્યાખ્યાત કર્યા છે.

**શિક્ષા દર્શન**

આ દર્શનની અંદર કોઈ વ્યક્તિને શિક્ષા આપવાની સર્વોત્તમ વિધિ કઈ હોય શકે.જેમાં પ્લેટોની 'રિપબ્લિક' ગ્રંથ શિક્ષાથી સંબંધિત લૉક નો વિચાર તેમજ રૂસોની 'એમાઇલ' મુખ્ય કૃતિ છે.

કર્મશાસ્ત્ર દર્શન

આપણાં જીવનમાં જે કોઈ ઘટના થાય છે તે આપણાં કોઈકને કોઈ કર્મના ફળ સ્વરૂપે આપણને પ્રાપ્ત થતાં હોય છે. કર્મોના કારણે જ કોઈ મનુષ્ય યોનિમાં, કોઈ પશુ-પક્ષી યોનિમાં જન્મ લે છે. 'મહાભારત'ની અંદર કર્મોની ગાથા ખૂબ સુંદર રીતે રજૂ કરવામાં આવી છે.

ભારતીય દર્શન

દરેક દર્શનિક ચિંતન તે પોતાના ભૌગોલિક પરિવેશના આધારે હોય છે, દેશ, કાળ પરિસ્થિતીની આવશ્યકતાના આધારે તેની ઉપજ થતી હોય છે. ભારતીય દર્શનામાં તેનો અપવાદ નથી.'ભારત'શબ્દ સાંસ્કૃતિક ગઠનથી જોડાએલો સૂચક શબ્દ છે. ભારત અતિ પ્રાચીન સમયકાળથી સાંસ્કૃતિક વારસાને ઉત્સર્જિત કરે છે. આપણે શંકરાચાર્યના કર્મક્ષેત્રનાં આધારે ભારતનાં ભૌગલિક પરિવેશને સમજી શકીએ છે. આપણે જાણીએ છીએ કે શંકરાચાર્યનો સમય ગાળો ઈ.સ. ૭૮૮ થી ઈ.સ. ૮૨૦ સુધીનો છે. જેમાં ભારતીય ઇતિહાસ અંતર્ગત રાજપૂત રાજવંશોની કાલગણનાને આધારે થયેલ છે. શંકરાચાર્ય પોતાના જીવન સમયગાળા દરમિયાન ચાર મઠોની સ્થાપના કરી છે, દક્ષિણમાં શ્રુંગેરી, પૂર્વમાં પૂરી, ઉત્તરમાં બદ્રિનાથ-કેદારનાથ અને પશ્ચિમમાં દ્વારકા

જેવા તીર્થ સ્થાનોની સ્થાપના કરી છે. જેને સમય જતાં ભારતના ચારધામ તરીકે સ્થાપિત કરવામાં આવ્યા. માધવાચાર્યના 'સર્વદર્શન સંગ્રહ' ના આધારે શંકરાચાર્યના ગ્રંથોના આધારે દર્શનિક સંપ્રદાયનો ઉલ્લેખ કરી શકાય છે.

ચાર્વાક દર્શન, બૌદ્ધ દર્શન, આર્હત દર્શન, રામાનુજ દર્શન, પૂર્ણપર્જ્ઞ દર્શન, નકુલીશ-પાશુપત દર્શન, શૈવ દર્શન. પર્ત્યભિજ્ઞા દર્શન, આયુર્વેદ દર્શન, વૈશેષિક દર્શન, ન્યાય દર્શન, મીમાંસા દર્શન, વ્યાકરણ દર્શન, યોગ દર્શન વગેરે દર્શન સાંસ્કૃતિક મૂલ્યોને આધારે ઉલ્લેખનીય છે. પરંતુ શાસ્ત્રોના આધારે ભારતીય દર્શનમાં ચાર્વાક ,જૈન, ભૌદ્ધ, સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા, તેમજ વેદાંત દર્શનને વિશિષ્ટ પ્રતિષ્ઠા મળી છે. આ સંપ્રદાયનો વિશિષ્ટ અભ્યાસ ચાલતો રહ્યો જે હજીપણ ચાલુ છે. ભારતીય સંસ્કૃતિમાં આસ્તિક અને નાસ્તિકનો ક્રમશ: વિભિન્ન સ્વરૂપોમાં આંકવામાં આવેલ છે. પરંપરાનો વિરોધ કરનાર તેમજ વેદની નિંદા કરનાર ને નાસ્તિક કહેવામાં આવે છે. આથી એ સાબિત

થાય છે કે જે વેદોની પ્રશંસા કરે છે તે આસ્તિક છે. વેદ પ્રમાણિક છે, સત્ય છે. એ વાતને સ્વીકૃતિ આપનાર વિચારધારા આસ્તિક છે. જ્યારે વેદ અપ્રમાણ છે. અસત્ય છે. એવી વિચારધારા ધરાવનાર નાસ્તિક છે.

મહર્ષિ કપિલનું સાંખ્ય દર્શન, યોગગુરુ પતંજલિનું યોગ, મહર્ષિ ગૌતમનું ન્યાય દર્શન, કણાદ મુનિનું વૈશેષિક દર્શન, જૈમિન મુનિનું મીમાંસા દર્શન, મહર્ષિ વાદરાયણ અને તેમના શિષ્યોએ વેદાંત દર્શનને આસ્તિક દર્શન રૂપે પ્રસિદ્ધ કર્યું છે. આ આસ્તિક દર્શનોને ષડ્દર્શન ના રૂપમાં પ્રતિષ્ઠિત પામી છે. જેમાં સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, વેદ પ્રમાણોના વિષય સાથે ચર્ચા કરે છે.

ભારતીય દર્શનનાં આ સંપ્રદાયોમાં પ્રમાણમીમાંસા, જ્ઞાનમીમાંસા, તત્વમીમાંસા, અને આચારમીમાંસાનો વિકાશ થયો છે.આમાં મુખ્ય અને ગૌણ શું છે. આ વિષય પર વિવિધ મતભેદ થતાં હોય છે. અંહી જ્ઞાન ફક્ત જ્ઞાન માટે નહીં પરંતુ જીવન માટે છે. આ દ્રષ્ટિથી આચારમીમાંસા, જેમાં જીવન મૂલ્યો પર વધુ ભાર મુકાયલો છે. અંહી વિશેષ રૂપે જ્ઞાનમીમાંસા અને તત્વમીમાંસાના ચિંતનનો વિકાસ થાય છે. ભારતીય પરંપરામાં એવું માનવમાં આવે છે કે દર્શનમ એ જીવનની કળા છે અને આ કળા દીર્ઘકાલીન પ્રશિક્ષણ અને કઠોર અભ્યાસથી પ્રાપ્ત થયું છે. એની પૃષ્ઠભૂમિમાં સિદ્ધાંત નહિવત છે. આ સિદ્ધાંત પણ આ લક્ષ્યની પ્રાપ્તિમાં સહાયક હોય છે. જેમકે, પતંજલિ યોગદર્શનમાં અષ્ટાંગયોગ, જે સમાધિના આદર્શ સુધી લઈ જવાનો માર્ગ છે, નૈતિક ગુણોનો અભ્યાસ, શારિરીક અભ્યાસ, પ્રાણવાયુ તેમજ ધ્યાનનું અભ્યાસ યથાવત છે. આના અભ્યાસથી વ્યક્તિને વ્યાવહારિક પરિણામ પ્રાપ્ત થાય છે. ભારતીય દર્શન વ્યાવહારિક અથવા અભ્યાસ કેન્દ્રિત છે. આપણે અન્ય દ્રષ્ટિકોણથી પણ એના માટે દાવેદારી નોંધાવી શકીએ છે. જ્યાં મોક્ષ આત્મ સાક્ષાત્કાર છે ત્યાં જીવની વાસ્તવિક અવસ્થામાં રૂપાંતરિત થયેલું છે. મોક્ષનું દર્શન વ્યાવહારિક છે. જેના માટે અનેક તર્ક છે. ન્યાય દર્શનનાં આધારે પ્રમાણ, પ્રમય અને સોળ પદાર્થો નાં જ્ઞાનનાં દુખોથી મુક્તિ મળે છે. ક્યાંક વ્યાખ્યાયિત કરવામાં આવી છે તે પ્રમાણે ગૌતમ બુદ્ધની વ્યાવહારિક શિક્ષણ, દાર્શનિક આવરણનો પ્રયત્ન કર્યો. સમકાલીન ભારતીય ચિંતનમાં ત્રણ પરંપરાઓ વધારે પ્રભાવિત કર્યા છે જેમાં શાસ્ત્રીય ભારતીય દર્શન, ન્યાય દર્શનનું નવ્યતર્ક શાસ્ત્ર, આંગ્લ-અમેરિકી વિશ્લેષણાત્મક અને ભાષાયી દર્શન, જોવા મળે છે. આ ઉપરાંત ભારતીય ચિંતકોમાં મહાત્મા ગાંધી, સ્વામીવિવેકાનંદ અને મહર્ષિ અરવિંદો વગેરે વિચારકોએ ભારતીય સંસ્કૃતિમાં અવિચર સુધી શાસ્વત જીવન મૂલ્યોને યથાર્થ કર્યા છે. ભારતીય પરંપરામાં એવું માનવમાં આવે છે કે દર્શન જીવન ની કળા છે, અને આ કળા લાંબા સમય સુધીનું પ્રશિક્ષણ અને કઠોર અધ્યનથી પ્રાપ્ત થાય છે. ગૌતમબુદ્ધનું બૌદ્ધ દર્શન મૂળરૂપે વ્યાવહારિક છે. તે દાર્શનિક અને સૈદ્ધાંતિક પ્રશ્નોને 'અવ્યાકૃત્પ્રશનાનિ'માનતા હતા તેથી તેઓ મૌન થઈ જતાં હતા.

આથી આપણે કહી શકીએ કે ભારતમાં દર્શનનો ઉદય ગમે તે રીતે નહીં પરંતુ સૈદ્ધાંતિક ચર્ચાના આધારે લેવામાં આવેલ છે.તત્વ મીમાંશાં અને જ્ઞાન મીમાંશાનું સમીકરણ દર્શન શાસ્ત્રમાં સાધના પદ્ધતિમાં સમાવેલું છે.

## મહાકવિ કાલિદાસની કૃતિઓમાં કર્મસિદ્ધાંત

### 'મેઘદૂતમ્' માં કર્મવાદ

મહાકવિ કાલિદાસ દ્વારા રચિત 'મેઘદૂતમ' સાહિત્ય ખાલી સૌપ્રથમ ખંડકાવ્ય નથી પરંતુ કાવ્યત્વની દ્રષ્ટિએ સર્વશ્રેષ્ઠ ગીતકાવ્ય છે. મોટાભાગના વિદ્વાનોના મતે 'મેઘદૂતમ' મૂળ વાલ્મીકિ-રામાયણનાં મૂળ સ્રોત માંથી લેવાયેલ છે. આ મહાકાવ્યમાં કર્મવાદને મૂળ લક્ષ્યને કેન્દ્રમાં રાખીને વાત કરવામાં આવી છે. યક્ષને પોતાના કરેલા કર્મોનાં કારણે પોતાના સ્વામી પાસેથી શ્રાપ મળે છે જે એના ખોટા કર્મોનો ફળ એને ભોગવવો પડે છે. જેના કારણે તેને પોતાની પત્ની કાન્તાથી દૂર અન્યાલોકમાં રહેવું

પડે છે. આથી બુદ્ધિમાન વ્યક્તિઓએ પણ પોતાના કાર્યમાં પ્રમાદ ન કરવો જોઈએ. આથી જીવનમાં પ્રમાદ ન કરી નિષ્ઠા પૂર્વક સતત કાર્ય કરવું જોઈએ.

### 'કુમારસંભવમ્' મહાકાવ્યમાં કર્મવાદ

કુમારસંભવમ્ મહાકાવ્યમાં હિમાલયરાજની પુત્રી પાર્વતી દ્વારા ઘોર તપસ્યાનાં ફળ સ્વરૂપે શિવની પ્રાપ્તિ અને કાર્તિકેયની ઉત્પતિની કથા અંહી વર્ણિત છે. કામદેવ એ પ્રજાપતિ બ્રહ્માનાં મનમાં પોતાની પુત્રી પ્રત્યે વિકાર ઉત્પન્ન કર્યું. આવા અશુભ કાર્ય કરવાના કારણે તેમને બ્રહ્મા દ્વારા શ્રાપ મળ્યો કે તે મહાદેવના ત્રીનેત્રથી તે ભસ્મ થઈ જશે. જે અશુભ કર્મોનો ફળ છે.

### 'રઘુવંશમ્' મહાકાવ્યમાં કર્મવાદ

આ મહાકાવ્યમાં ઈશ્વાન્કું વંશના રાજા દિલિપ પત્નીને મળવાની ઈચ્છાથી રસ્તામાં સામે આવેલ કામધેનુની પુજા અર્ચના અને પ્રદક્ષિણા કરવાનું ભૂલી જાય છે જેનાં પરિણામ સ્વરૂપે રાજા-રાણીનાં જીવનમાં સંતાન પ્રાપ્તિ માટે વિપદાઓ ઉત્પન થઈ. મહર્ષિ વશિષ્ઠ પાસેથી સાચી વૃતાંત જાણતા ગૌસેવા વ્રત ધારણ કરીને પોતાના જીવન ચિંતા કર્યા વિના નંદની ગાયની રક્ષા કરે છે. જેના કારણે તે શ્રાપ મુક્ત થાય છે અને ફળ સ્વરૂપે કુળનું નામ વધારે એવા પુત્રની પ્રાપ્તિ થાય છે. આ જ કર્મવાદ છે.

### 'અભિજ્ઞાનશાકુંતલમ્' માં કર્મવાદ

કાલિદાસ એક મહાન કવિ અને નાટ્યકાર છે. આ કૃતિ પ્રસિદ્ધ નાટકોમાં ગણના પામી છે. પ્રેમમાં આશક્ત બનેલી શકુંતલા ઋષિ દુર્વાસાનું આગતા સ્વાગતા વ્યવસ્થિત રીતે કરી શકતી નથી જેના પરિણામ સ્વરૂપે તેને શ્રાપ મળે છે, જીવનમાં ઘણા કષ્ટો વેઠવા પડે છે. પરંતુ નિ:સ્વાર્થ, છળ- કપટ રહિત, શકુંતલા પોતાના સારા કર્મોના કારણે રાજા દુષ્યંતના પ્રેમને ફરી પ્રાપ્ત કરે છે.

## ઉપસંહાર

દાર્શનિક ચિંતન કોઈ પણ સંસ્કૃતિમાં સ્થાપિત જીવન-મૂલ્યો અને આદર્શોની ગણના તાર્કિક અને બૌદ્ધિક ચિંતન દ્વારા થાય છે. ભારતના વિશિષ્ટ ભૌગલિક પરિવેશને આધારે વિવિધતામાં એકતા સૂત્રથી બંધાયેલી આ ભારત ભૂમિ ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મવાદી ચિંતનની ધરોહર ધરાવે છે. વાસ્તવમાં ભારતીય વ્યવસ્થાકારોએ એક એવા જીવન શૈલીની રચના કરી છે જેમાં જીવન પ્રત્યે મોહ છે તો યોગ પણ છે, બંધન છે તો મુક્તિ પણ છે, વાસના છે તો સાધના પણ છે, આસક્તિમાં ત્યાગ છે તો ભૌતિકવાદમાં અધ્યાત્મકતા પણ આવે. ભારતીય વિચારકોના મતે ઉપરોક્ત જીવન શૈલી પુરુષાર્થ દર્શન સ્વરૂપે સામે આવે છે. આજે ભારતીય સમાજમાં અન્ય કેટલાક મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી છે જેમાં વ્યક્તિને પોતાની અભિવ્યક્તિ અને સ્વતંત્રતા, વ્યક્તિગત અધિકાર વિશેષ પ્રિય છે. જેના કારણે સમાજવિરોધી અને રાષ્ટ્રવિભાજકની ગતિવિધિમાં વધારો જોવા મળે છે. શું આ અભિવ્યક્તિ અને સ્વતંત્રતા ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રથી ઉપર છે? ભારતીય ગ્રંથોમાં લખાયેલા જીવન મૂલ્યોને જો સાચા અર્થમાં જીવનમાં ઉતારવામાં આવે તો જીવન સાચા અર્થમાં પરિભૂત થઈ જાય છે. આમ, કર્મસિદ્ધાંત જે દાર્શનિક સાહિત્ય વિચારનો એક અંગ છે. ભારતીય સંસ્કૃતિ તેમજ દાર્શનિક વિચારોને આપણે કાલિદાસની વિવિધ કર્મસિદ્ધાંતથી પ્રેરાયેલી કૃતિઓ દ્વારા સમજી શકાય છે.

**અમિતાકુમારી પ્રતાપભાઈ શાહ**

**૨૦૨, બ્લોક ૫, સરકારી ભવન,**

**સેક્ટર ૭, ગાંધીનગર -૩૮૨૦૦૭, ગુજરાત.**

amitashahu10@gmail.com

**મો.નં- ૮૮૬૬૪૯૫૯૩૭ / ૮૩૪૭૩૩૭૨૬૯**